R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28• ISSUE: 9/10 DATE: 09-03-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

## અમેરિકાએ ભારતને વેપારમાં અપાતી ખાસ રાહતો રદ કરી દેવા કરેલો નિર્ણય

### ભારતીય પેદાશો માટે જકાતમુક્ત એન્ટ્રીના દરવાજા બંધ

અમેરિકા આમ તો પુલવામાં થયેલા આતંકી હુમલા અને એ પછી પાકિસ્તાનમાં આતંકી અઠ્ઠાઓ પર હવાઈ હુમલા બદલ ભલે ભારતની પડખે દેખાયું હતું. પરંતુ હવે તેણે આર્થિક મોરચે મોટો ફટકો આપવાની તૈયારી કરી લીધી છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેના સંકેત આપ્યા છે.તેમણે વેપારમાં ભારતને જનરલાઈઝડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સ માંથી બહાર કરી દેવાની વાત કરીને વૈશ્વિક આર્થિક વર્તુળોમાં નવી હલચલ મચાવી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ભારતમાં અમેરિકી પેદાશો પર વધુ જકાત વસુલાય છે અને તેના કારણે અમારા વેપાર-ધંધાને અસર થઈ રહી છે. ટ્રમ્પે આ મામલે અમેરિકી સંસદને પણ પત્ર લખીને વિધિસર જાણ કરી દીધી છે. જો એવું થયું તો અમેરીકી બજારમાં ૫.૬ અબજ ડોલરના મુલ્યના ભારતીય પેદાશો માટે જકાતમુક્ત એન્ટ્રીનો દરવાજો બંધ થઈ જશે. જે એક મોટો આર્થિક ફટકો છે. ટ્રમ્પે કહ્યુ કે તે ભારત માટે સ્પેશિયલ ટ્રેડ ટ્રીટમેન્ટ ખત્મ કરી દેવાની ઈચ્છા ધરાવે છે.કહેવાય છે કે જીએસપી હેઠળ જો ભાગીદારી પુર્ણ થાય છે તો ૨૦૧૭માં ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અમેરિકી પ્રમુખનો હોદો સંભાળ્યા બાદની સૌથી મોટી કાર્યવાહી હશે ખરેખર તો અમેરિકી વેપાર ખાધને ઘટાડવાનું પણ લઈને બેઠેલા ટ્રમ્પ માને છે કે ભારત વેપાર મામલે અમેરિકાને અપેક્ષિત સહયોગ કરતું નથી. અમેરિકી પેદાશો પર ભારત આકરો વેરો વસુલ કરી રહ્યો છે. ટ્રમ્પ અને વખત અનેક મંચ પરથી આ વાત કરી ચુક્યા છે તેમનું રટણ છે કે ભારત એક એવો દેશ છે જે અમેરિકી પેદાશો પર વધુ ટેરિફ અમલમાં મુકે છે. તેના



જવાબરુપે તેમણે પણ ભારતની પેદાશો પર અમેરિકી બજારમાં જકાતમુક્ત પ્રવેશને અટકાવી દેવાનું પગલું વિચાર્યું છે. ટ્રમ્પે કહ્યુ છે કે હું આ પગલું એટલા માટે ભરી રહ્યો છું કેમકે અમેરિકા સાથે ગહન સહયોગ છતાં ભારતે અમેરિકાને આશ્વાસન નથી આપ્યું તે અમેરિકી પેદાશોને ભારતના બજારમાં સમાન અને યોગ્ય પહોચ આપશે. અમેરિકી વેપાર પ્રતિનિધિ કચેરીએ કહ્યું છે કે જીએસપીમાંથી ભારતને બહાર કરી દેવાનો નિર્ણય રાષ્ટ્રપતિની જાહેરાત થકી જ કાયદાના સ્વરુપમાં આવશે.

## ભારત-પાક અંકુશ રેખાથી યુધ્ધના માહોલ બાદ વેપાર શરુ થઇ ગયો

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુધ્ધની ગરમાહટ પછી,એકબીજાની સરહદમાં ઘુસતા બંને દેશોના વિમાનો વચ્ચે ટકરાવ જોવા મળ્યો હતો. ત્યારથી એક સપ્તાહથી બંધ રહેલા શ્રીનગર-મુઝફ્ફરાબાદ રોડ પર અંકુશ રેખા પાર વેપાર પ્રવૃત્તિ ફરીથી શરુ થઈ ગઈ છે.

એક અધિકારી કહ્યુ હતું કે અંકુશ રેખા પાસે ઉરી સેકટરમાં કામાન પોસ્ટ પર ૭૦ જેટલી ટ્રકોએ રેખા પાસ કરી હતી.આ વિસ્તારમાં કાશ્મીરના વહેચાયેલા ભાગોમાંથી મંગળવારથી શુક્રવાર એક ચાર દિવસ માટે આ બાર્ટર ટ્રેડ થાય છે.ભારત તરફથી ૩૫ ટ્રક ચીજવસ્તુઓ લઈને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં પહોચી હતી. અને એટલીજ સંખ્યામાં ટ્રક પાકિસ્તાન અંકુશ રેખા પાર કરીને આવી હતી.

પાકિસ્તાને એવી જાણકારી આપી હતી કે તેનુ એક પ્રતિનિધિ મંડળ આગામી ૧૪ માર્ચે કરતારપુર કોરિડોર અંગેના ડ્રાફ્ટ એગ્રીમેન્ટ વિશે ચર્ચા કરવા માટે ભારતની મુલાકાતે આવશે. આ કદમ બંને દેશો વચ્ચે તંગદીલી ભર્યા માહોલ ને હળવો કરશે એવી આશા રાખવામાં આવી રહી છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે કડવાશ દુર કરી શકાય માટે આવી પ્રયત્નો હળવાશ લાવશે.

## ભારતમાં મુસ્લીમને નિશાન પર લેવાય છે : યુએન

સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પંચના વડા મિશેલ બાચલે ભારતની મોદી સરકારને ભીંસમાં લેતા કહ્યુ હતું કે મોદી સરકારની વિભાજનકારી નીતિઓને કારણે દેશનો આર્થિક વિકાસ પ્રભાવિત થઈ શકે છે. મિશેલનું કહેવું છે કે કુંઠિત રાજકીય એજન્ડાઓને કારણે અસમાનતાનો ભોગ બનેલા સમુહોને વધુ હાંસીયામાં ધકેલાઈ જવું પડ્યું છે.

જિનેવા ખાતે હ્યુમન રાઈટ્સ કાઉન્સીલ સમક્ષ રજુ કરેલા વાર્ષિક અહેવાલમાં પંચે જણાવ્યુ હતું કે અમને એવા અહેવાલ મળ્યા છે કે ભારતમાં લઘુમતિને નિશાન બનાવવામાં આવે છે.ખાસ કરીને આદિવાસી અને દલિત દમનનો ભોગ બની રહ્યા છે.અહેવાલમાં પંચના અધ્યક્ષે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેના વિવાદનો ઉલ્લેખ કરતાં બંને દેશોને શાંતિ જાળવવા અપીલ કરી હતી. મિશેલ અગાઉ ચીલીનું પ્રમુખપદ પણ સંભાળી ચુક્યા છે.

## રાફેલ ડીલના મહત્વના દસ્તાવેજો સંરક્ષણ મંત્રાલયમાંથી ચોરાઇ ગયા હોવાનો સરકારનો ઘટસ્ફોટ

સુપ્રીમ કોર્ટે રાફેલ ડીલ અંગે પોતાના ચુકાદા વિરુધ્ધ થયેલી પુનઃવિચાર અરજી અંગે મહત્વની સુનાવણી શરુ કરી છે. ત્યારે સુનાવણી દરમિયાન સરકારે એવી દલીલ કરી હતી કે સંરક્ષણ મંત્રાલયમાંથી રાફેલ સોદા અંગેના કેટલાક મહત્વના દસ્તાવેજોની ચોરી થઈ ગઈ છે.. સુપ્રીમ કોર્ટે આ અંગે નારાજગી વ્યક્ત કરતાં કહ્યુ હતું કે આ અંગે સરકારે શું પગલાં લીધા તેની માહિતી તાત્કાલિક કોર્ટને આપવામાં આવે.સુપ્રીમે આગામી સુનાવણી ૧૪ માર્ચે યોજવાની મુદત આપી હતી.

આ દરમિયાન પાકિસ્તાને ૨૭ ફેબ્રુઆરીએ ભારતીય સૈન્ય છાવણીઓ પર હુમલાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.તેવી રજુઆત કરતાં એટર્ની જનરલ વેણું ગોપાલે કોર્ટને કહ્યુ હતું કે એફ-૧૬ જેવા આધુનિક વિમાનોનો સામનો કરવા માટે રાફેલ અત્યંત જરુરી છે.તેમણે વધુમાં કહ્યુ હતું કેઆવા આધુનિક વિમાનોનો સામનો ૧૯૬૦માં બનેલા મિગ-૨૧ વિમાને કર્યો હતો તે ઉત્તમ બાબત છે.પણ ભારતને આધુનિક વિમાનની તાતી જરુરીયાત છે.આ કેસમાં કોર્ટ દ્વારા સીબીઆઈ તપાસના આદેશ આપવામાં આવશે તો રાફેલ સોદાને નુકશાન થશે.આ બાબત દેશહિત માટે યોગ્ય નથી.

સુપ્રીમ કોર્ટમાં રાફેલ ડીલના થયેલા ભ્રષ્ટાચાર અંગેની સુનાવણી ચાલી રહી છે. નહીં કે ક્યા વિમાનો સારા છે અને ક્યા વિમાનો લડવા માટે યોગ્ય છે.દસ્તાવેજો ચોરી થયા છે તેમાં દેશહિત ક્યાં આવશે તેની ખોટી દલીલ કરી કેસને અવળે પાટે ચડાવવા માટે સરકારી સુત્રોએ પ્રયત્ન કર્યો હતો.જો કે ખરેખર દસ્તાવેજોની ચોરી થઈ હોય તો તેના માટે જવાબદારો સામે ફોજદારી કાર્યવાહી કરવી જોઈએ.જ્યારે આ બાબત ગંભીર બની છે ત્યારે તેના દસ્તાવેજો ચોરાઈ જાય તેવી તર્કહીન દલીલ કરીને સરકાર પોતાનો કેસ નબળો પાડી રહી છે.

એટર્ની જનરલ વેણું ગોપાલે સરકાર તરફથી જણાવ્યુ કે જે દસ્તાવેજો અને પુરાવા વિશે એડવોકેટે પ્રશાંત ભુષણ વાત કરે છે અને જેના ઉપર તેઓ વિશ્વાસ રાખે છે તે બધા ઘણા સમય પહેલાં સંરક્ષણ મંત્રાલયમાંથી ચોરી થઈ ગયા છે.સરકાર નવો દાવ અજમાવતાં કહે છે કેરાફેલ .ડીલ અંગેના દસ્તાવેજો ચોરી કરી જનારા તથા તેને સાર્વજનિક કરનારા તમામ લોકો સામે સરકારના ગોપનિયતા કાયદા હેઠળ તથા કોર્ટની અવમાનના કરવાના ગુના હેઠળ દોષિત છે.

વેણું ગોપાલે કહ્યુ હતું કે રાફેલ અંગે જેટલી પણ અરજીઓ કરવામાં આવી છે તે બધી જ ખોટા નિવેદનો અને આવેદનો ધરાવતી છે.ચઆ અરજીઓ જે આધારે રજુ કરવામાં આવી છે તે તમામ દસ્તાવેજો સંરક્ષણ મંત્રાલયમાંથી ચોરી થઈ ગયા છે.રાફેલ અંગે હિંદુ અખબાર દ્વારા જે અહેવાલ રજુ કરવામાં આવ્યો છે તે ખોટો અને અદાલતની કામગીરીને પ્રભાવિત કરનારો તથા અદાલતની અવમાનના કરનારો છે.

સુનાવણી દરમિયાન પ્રશાંત ભુષણે સુપ્રીમ કોર્ટને જણાવ્યુ હતું કે તમે પોતાના આદેશમાં કોર્ટના નિરિક્ષણ હેઠળ તપાસ કરવાની મારી અરજી પર સુનાવણી કરી નથી.અમે સીબીઆઈ સામે પણ ફરિયાદ કરી હતી. સીબીઆઈ દ્વારા પણ આ અંગે કોઈ રિપોર્ટ રજુ કરવામાં આવ્યો નથી. આ દરમિયાન તેમણે કોર્ટને નવા દસ્તાવેજ આપવાનો પણ પ્રયાસ કર્યો હતો.ત્યારે કોર્ટે તેમને જણાવી દીધું હતું કે તેમણે કોર્ટને નવા દસ્તાવેજો આપવાનો પ્રયાસ કરવો નહીં.નવા કોઈ પુરાવા અંગે હાલમાં કોઈ સુનાવણી નહીં થાય.પ્રશાંત ભુષણે કહ્યુ હતું કે સરકારે બંધ કવરમાં જે કોઈ દસ્તાવેજો આપ્યા હતા તેમાં ઘણી ભુલો હતી.તેના આધારે કોર્ટે પોતાનો આદેશ આપી દીધો હતો.

સુપ્રીમ કોર્ટે આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ તરફથી દાખલ કરવામાં આવેલી પીટીશન ફગાવી દીધી હતી. હવે કોર્ટમાં એક જ રિવ્યુ પીટીશન વધી છે જેને યશવંતસિંહા,અરુણ શૌરી અને પ્રશાંત ભુષણે દાખલ કરી હતી. સુપ્રીમે સંજયસિંહની પીટીશન ફગાવી દેતાં ઉપરાંત તેમની ઝાટકણી કાઢી હતી કોર્ટે કહ્યુ હતું કે સંજયસિંહ દ્વારા કોર્ટ અંગે અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટ એક વખત આ તમામ રિવ્યુ પીટીશન ઉપર સુનાવણી પુરુ કરી દેશે ત્યારબાદ સંજયસિંહ પર કેસ ચલાવવામાં આવશે.

જો કે સરકાર તરફથી રજુ કરવામાં આવેલી બાબત રાફેલ ડીલના દસ્તાવેજોની ચોરી થઈ છે તે કેટલી વજુદ વાળી છે તે સમય બતાવશે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

પુલવામાં થયેલા હુમલામાં દેશના ૪૦થી વધુ જાબાંઝ સૈનિકોની હત્યા થાય અને ત્યાર બાદ દેશની સરકાર આ બાબતનો બદલો લેવા માટે હુમલો કરે ત્યારે હુમલામાં થયેલું નુકશાન જાણવાનો દેશને હક છે તે માટે વિપક્ષી દળોએ કેન્દ્રની સરકાર પર સવાલો પેદા કર્યા. પરંતુ કેન્દ્રની સરકારને પોતાની ગતિવિધિઓ પર કોઈપણ સવાલ પેદા કરે તે છેલ્લા ચારવર્ષમાં ગમ્યું નથી અને તેના માટે તેમની વિવિધ સંસ્થાઓના કાર્યકરો સોશ્યલ મીડીયા પર તેમજ વ્યક્તિગત શારિરીક હિંસા પર ઉતરી આવીને દેશમાં ભયજનક વાતાવરણ ઉભુ કરવાનો પ્રયત્ન કર્યો છે તે સહુ કોઈની નજર સમક્ષ છે. અસહિષ્ણુતા બાબતે જે લોકોએ પ્રયત્ન કર્યો તેમને સહન કરવું પડ્યું છે.વિપક્ષી પાર્ટીઓ પછી હવે શિવસેના જે તેમની સહયોગી પાર્ટી છે અને મહારાષ્ટ્રમાં સરકારમાં ભાગીદાર છે તેમણે એરસ્ટ્રાઈક પર સવાલો પેદા કર્યા છે.સામના જે શિવસેનાનું મુખપત્ર છે તેના સંપાદકીયમાં લખાયું છે ક દેશવાસીઓને આ એરસ્ટ્રાઈક અંગે જાણવાનો પુરેપુરો અધિકાર છે.પુલવાના હુમલા બાદ પાકિસ્તાન ઓક્યુપાઈ કાશ્મીરમાં ભારતીય વાયુસેનાએ કરેલા હુમલા અંગે કેટલાક રાજકીય વિવાદો સર્જાયા છે.કોગ્રેસ સહિત અનેક વિપક્ષી દળોએ આ બાબતે પુરાવા માંગ્યા છે.પુરાવા માંગવામાં હવે શિવસેનાનું નામ પણ જોડાયું છે.

શિવસેનાએ કહ્યુ છે કે દેશવાસીઓને એ વાતનુ સત્ય જાણવાનો હક્ક છે. શિવસેનાએ કહ્યુ છે કે દેશવાસીઓને એ જાણવાનો અધિકાર છે કે આપણે દુશ્મનના ધરમાં કેટલું નુકશાન પહોચાડ્યું છે. અને એવું નથી લાગતું કે આ પ્રકારના સવાલ પુછવાથી સેનાના જવાનોનું મનોબળ નબળું પડે.સંપાદકીયમાં લખાયું છે કે અનેક મામલે વડાપ્રધાન ઈમોશનલ થઈ જાય છે પણ આ વખતે વડાપ્રધાનની આંખમાં આંસુ જોવા ન મળ્યા.આ વખતે તેઓ વધુ ખુશ જોવા મળ્યા.એક તરફ જ્યારે પાકિસ્તાન સામે જંગનો માહોલ હતો તો બીજી તરફ પીએમ મોદી રેલીઓ જ સંબોધિત કરી રહ્યા હતા.

એરસ્ટ્રાઈક્સ પછી વિપક્ષો પાસેના મોઘવારી,બેકારી,રફાલ ડીલ સહિતના અનેક મુદ્દાઓ ખતમ થઈ ગયા લાગે છે.સહુકોઈ એરસ્ટ્રાઈકની વાતોમાં લાગેલા છે.જો કે શિવસેનાએ હાલમાં ભાજપ સાથે ચુનાવી ગઠબંધન કર્યુ અને સાથે મળીને લોકસભાની ચુંટણી લડવાની તૈયારી દાખવી છતાં પણ જ્યારે તક મળે ત્યારે તેઓ ભાજપની નબળી બાબતો પર જોરદાર હુમલો કરે છે.મહારાષ્ટ્રમાં ભાજપ ૨૫ અને શિવસેના ૨૩ સીટો પર ચુંટણી લડશે.પરંતુ જો તેઓ ચુંટણીમાં પણ ભાજપની નબળી બાબતોને ઉજાગર કરતા રહેશે તો ભાજપ માટે ચુંટણીમાં કપરા ચઢાણ ચઢવાનો વારો આવશે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


# સમાધાન કરી શકે તે પ્રગતિ કરી શકે

જીવનમાં સમાધાન કરીને જીવવુ પડે છે.જેને સમાધાન કરતાં આવડતુ નથી તે ફેંકાઈ જાય છે.એમાં આપણી જે માન્યતા હોય,તે બીજાઓને અનુકુળ ન પણ આવે, તેથી તે સ્વીકારી શકે નહી.એવુજ આપણા પક્ષે પણ થાય. તો સામસામે સમાધાન કરી લેવુ પડે, જો એમ ન થાય તો તે લાંબુ ટકે નહી.આ સામાન્ય બાબત છે.જેને સમાધાન કરતાં આવડે તે જીતે.સમાધાનથી શાંતિ આવે છે.જ્યારે આપણાં દેશમાં રજવાડાં હતાં ત્યારે સંધિની પ્રક્રિયા સતત ચાલ્યા કરતી,એમાં વિશ્વાસઘાત,પ્રપંચવિદ્યા, ખોટાં કારસ્તાન,લડાઈ-ઝગડા કરાવવાની વ્યુહરચના,વળી પાછુ સુલેહ-શાંતિ કરાવવાની મથામણ આ બધીજ રાજકીય આંટીઘુટીઓ ચાલ્યા કરતી. એમાં એક રાજા બીજા રાજા સાથે સમાધાન કરે,સંધિ કરાર થતાં એમ આજે વિશ્વના દેશો એકબીજા સાથે કોઈ ને કોઈ પ્રકારની સંધિ કરે. એ માટે એક દેશ બીજા દેશમાં પોતાના એલચી રાખે છે.બીજા દેશો સાથે સલાહ સુચનો માટે કોઈ પ્રશ્નો ઉભા થાય તો એનુ સમાધાન કરાવવાના પ્રયત્નો કરાતા હોય છે.સંધિ થયા પછી બંને પક્ષ એની સમયમર્યાદામાં રહીને, એનુ પાલન કરવા માટે બંધાયેલો હોય છે. જો એમ ન કરે તો સંધિભંગ ગણાય છે.

સંધિ એટલે જોડાવુ તે, સંયોગ (૨)સાંધો, સાંધાની જગ્યા (૩)સુલેહ, તહ(૪)અણીનો વખત (૫)બે યુગ કે વિશિષ્ઠ સમયો વચ્ચેનો સમય (૬)બે વર્ણો સાથે આવવાથી થતો ફેરફાર કે જોડાણ(વ્યા) (૭)નાટકનો સાંધો કે વિભાગ (૮)ચોરે ભીંતમાં પાડેલુ બાકું વગેરે અર્થ થાય છે. આ અર્થોની દર્ષ્ટિએ જોઈએ તો સંધિ એના જુદા જુદા કાર્યો સાથે સંકળાયેલી બાબત છે.

આપણે સંધિકાળ એવુ કહીએ છીએ. એ કાળગણનાનો એક ભાગ ચે. એ યુગ વચ્ચેનો સમય,યુગનો બારમો ભાગ છે.એમાં એકનો અંત અને બીજાની શરુઆત થાય, તે સમય સંધિકાળ કહેવાય છે.એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં પ્રવેશવાનો સમય. આ સમયનો સાચવવાનો હોય છે.એની પુજા અર્ચના કરવામાં આવે છે.આ વાત સમયની થઈ. એવી જ રી તે જીવનમાં પણ કેટલોક સંયોગ એવો ઉભો થાય કે જેથી તમારે સંધિ કરવી પડે.જે માણસ અણીનો સમય સાચવી જાણે છે એ જીવી જાણે છે.એનાથી આગળ વધીને કહી શકાય કે જે સમયની સાથે સંધિ કરી શકે છે, એ પ્રગતિ કરી શકે છે.ક્યારેક આપણને સંધિ ગમતી હોય કે ન ગમતી હોય,જો એ વિશાળ હિતમાં હોય તો કરવી જોઈએ.માત્ર આપણા સ્વાર્થ ખાતર જો એ ન કરાય તો એનાં પરિણામ બીજાઓને ભોગવવાં પડતાં હોય છે.આપણે કોઈ વસ્તુ તુટી જા. તો એને રેણ કરીએ છીએ, સાંધીએ છીએ. હ્યદયમાં તકલીફ થાય તો ઓપરેશન કરાવીને ધમનીઓને ગતિમાં લાવીએ છીએ.આપણને ખબર છે કે આ સાંધો લાંબો સમય ટકવાનો નથી, એને સાચવીને કાળજીપુર્વક રાખીએ છીએ. એવું જ સંધિનુ પણ છે.સંધિ થયા પછી એને નિષ્ઠાપુર્વક વળગી રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કોઈ મહાન કાર્યો કરવા માટે શત્રુઓ સાથે પણ સંધિ કરવી જોઈએ. આપણે જો શત્રુતાની દાઝમાં જ રહીએ તો કાર્ય બગડી જાય છે.સમાજના કે માનવજાતના હિતમાં જો હોય તો સમાધાન કરવુ એ માણસની મહાનતા ગણાય છે. દેશના હિતમાં પણ ક્યારેક બાંધછોડ કરવી પડે તો કરાય. એમાં આપણો અહંમ ઓગાળવો પડે. આપણા અહંમથી જો રાષ્ટ્રને નુકશાન થતુ હોય તો આપણે દેશદ્રોહી જ કહેવાઈને ?સજ્જન માણસ તો એ છે કે જે બીજાના ભલાનો વિચાર કરે.જે રાજકારણી છે એ પેલા વાંદરાની વાર્તા જેવા હોય છે. બે બિલાડીની લડાઈમાં પોતાને મલાઈ મળે એની ફિરાકમાં રહેતા હોય છે.જો કોઈ પ્રશ્નની મડાગાંઠ પડી હોય તો એને ઉકેલવાના બદલે વધારે ગુંચવવામાં એમને અસુરી આનંદ આવતો હોય છે.પોલિસને કહે કે તુ પકડ અને ચોરને કહે કે તું નાસી જા.આવા લોકો સંધિને નામે પોતાનો રોટલો શેકતા હોય છે.જો સરળતાથી બે પક્ષો વચ્ચે સમાધાન થઈ જાય તો એવા લોકોનો ભાવ કોણ પુછે ?જુના સમયમાં રાજાઓ વચ્ચે સંધિ કરાવનારાઓ એવી જ ભુમિકા ભજવતા.બંને પક્ષો એમને પોતાના જ માનતા હોય છે.પણ એ સંધિ કરાવનાર ક્યારેય કોઈનો હોતો નથી. આજે આપણી જ્ઞાતિઓના સમાજોમાં પણ જોઈએ છીએ કે સમાજના આગેવાનો કોઈને લડાઈ-ટંટો હોય તો વચ્ચે પડીને સંધિ કરાવવાનો પ્રયત્ન કરતાં હોય છે.એમાં બંને પક્ષે સમાધાનના પ્રયાસો થાય છે.પણ એમાં વચેટીયા હોય તે પોતાનો જ વિચાર કરતાં હોય છે.

સંધિ કયાં સુધી ટકતી હોય છે.નેપોલીયને કહ્યુ છે 'સંધિઓનુ પાલન ત્યાં સુધી જ કરાય છે, જ્યાં સુધી એમના હિતોની યોગ્યતા સચવાય છે 'પોતાના હિતો સચવાઈ રહે ત્યાં સુધી સંધિ એમના માટે સારી ગણાય છે.જયારે એમનાં હિતો ટકરાય ત્યારે સંધિનો અંત આવે છે. ફરીથી એની એ જ લડાઈઓ, ઝગડાઓ,મારામારી અને કાપાકાપી શરુ થઈ જાય છે. ક્યારેક તો આ પ્રકારની સંધિઓ માત્ર કાગળ ઉપર જ રહેતી હોય છે.એમાંય જો સામેવાળો દુબળો હોય, ગરીબ હોય, તો એનીસાથે સંધિ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. એ પોતાનો શત્રુ હોય તેથી શું થઈ ગયું ?આપણે કહીએ છીએ કે નબળો ઘણી બૈરી પર શુરો હોય છે. એના પણ લોકો સમાજમાં હોય છે, પણ પોતાનો પડોશી સામાન્ય કક્ષાનો હોય તો એને આપણે સતત દબાવ્યા જ કરીએ છીએ. એની પરિસ્થિતિનો ગેરલાભ લેતાં આપણે અચકાતાં નથી.સામાન્ય માણસ પોતાની નબળાઈઓના કારણે બોલતો ના હોય એની સાથે કોઈપણ વાતનુ સમાધાન શા કામનુ ? એવા લોકોનુ તો સતત શોષણ થતું આવે છે. એવો જ કોઈ દેશ હોય કે, આપણા સમાજનો કોઈ વર્ગ હોય. એને તો સતત કચડાતા જ રહેવું પડે છે.સંધિ કોની સાથે થાય ?જેની આપણને ભીતી હોય,જેનો ભય હોય,એની સાથે સંધિ કરવાની હોય છે. જે આપણને કશું જ કરી શકે એમ ન હોય એની સાથે સંધિ કેવી ?સંધિ એ રાજનીતીનો એક ભાગ છે.એમાં તો લાભાલાભનો જ વિચાર કરવો પડે છે. જીવનમાં ક્યારેક આપણે જેને દુશ્મન માનતા હોઈએ એવો માણસ પણ આપણા પર ઉપકાર કરતો હોય છે. ઉપકાર કરનાર શત્રુની સાથે સંધિ કરવી જોઈએ.તેના બે લક્ષણ જાણવા જોઈએ,ઉપકાર અનો અપકાર, આપણે કહીએ છીએ કે કોઈ વેંત નમે તો આપણે હાથ નમવું જોઈએ. એમાં જ આપણી માનવતા રહેલી છે. જો શત્રુ આપણા હિતનાં વિચાર કરતો હોય તે એની સાથે સમાધાન કરવુ એ યોગ્ય જ ગણાય છે. જો બે રાજાઓ સમાધાન કરે અથવા બે રાષ્ટ્રો સંધિ કરે તો એનુ પાલન કોણે કરવાનુ ?જે તે રાષ્ટ્ર અને તેની પ્રજાએ. સંધિ જો પ્રજાના હ્યદય સુધી પહોંચે નહીં તો એનો અર્થ સરતો નથી.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ. સંદેશ)


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

# ત્રાસવાદીઓએ માઠા પરિણામ ભોગવવા પડશે, જડબાતોડ જવાબ અપાશે, સમય,સ્થળ બધુંજ સૈન્ય નક્કી કરશે : વડાપ્રધાનની ઘોષણા



જમ્મુ-કાશ્મીરના પુલવામાંમાં સીઆરપીએફના ૪૦ જવાનોના ભોગ લેનારા આતંકી હુમલા અંગે વડાપ્રધાન મોદીએ પાડોશી દેશ પાકિસ્તાનને કડક શબ્દોમાં ચેતવણી આપી છે અને કહ્યુ હતું કે આ ઘટનાને અંજામ આપનારા આતંકીઓને છોડવામાં આવશે નહીં.તેમના આકાઓને પણ યોગ્ય બદલા માટે તૈયાર રહેવાની ચેતવણી આપી છે.તેમણે કહ્યુ હતું કે તેના આવા હુમલાઓથી ભારત નબળું નહી પડે.આ હુમલા માટે જવાબદાર લોકોએ ઘણી મોટી કિંમત ચુકવવી પડશે. અને સુરક્ષાદળોને આતંકીઓ સાથે કામ પાર પાડવા માટે ખુલ્લી છુટ આપી દેવામાં આવી છે.વડાપ્રધાને પુલવામાં આતંકી હુમલામાં શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પિત કરતાં કહ્યુ હતું કે તેમણે દેશની સેવા કરીને તેમનું બલિદાન આપ્યું ચે. દુઃખના આવા માઠા પ્રસંગે મારી સંવેદના તેમના પરિવારોની સાથે છે.દેશને સૈનિકોની બહાદુરી પર સંપુર્ણ ભરોસો છે.તેમણે કહ્યુ હતું કે દેશમાં આક્રોશ છે અને લોકોની લોહી ઉકળી રહ્યુંછે.આંતકીઓને પોષનારાઓ મોટી ભુલ કરી બેઠા છે. આ હુમલાને અંજામ આપનારાને સજા અવશ્ય મળશે.આ વખતે દેશમાં કંઇક કરી છુટવાની ભાવના છે.તેમણે ઉમેર્યુ હતું કે સલામતી દળોને છુટ આપી દેવાઇ છે.

# અમેરિકાએ પાકિસ્તાનને આતંકવાદ સામેની લડાઇમાં ત્રાસવાદીઓની મદદ અને આશ્રય-મદદ બંધ કરવા કહ્યુ

જમ્મુ-કાશ્મીરના પુલવામાં જિલ્લામાં સીઆરપીએફના કાફલા પર થયેલા હુમલાને કારણે ૪૦ જવાનો શહીદ થયા તે ઘટનાની અમેરિકાએ ભારે નિંદા કરી છે.સાથે સાથે અમેરિકાએ પાકિસ્તાનને આકરો સંદેશો પણ પાઠવ્યો છે. અને કહ્યુ છે કે તમામ આતંકવાદી જુથોને સમર્થન અને આશ્રય આપવાનું તાત્કાલિક બંધ કરો. પાકિસ્તાનમાં રહીને પોતાની પ્રવૃત્તિઓ ચલાવતાં આતંકવાદી સંગઠન જૈસે એ મહોમ્મદ(જૈઇએમ)એ પુલવામાં ફિદાઇન હુમલાની જવાબદારી લીધી છે. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા છે. અને અન્ય પાંચ ગંભીર રીતે ઘવાયા ચે. વ્હાઇટ હાઉસના પ્રેસ સચિવ સારા સેન્ડર્સે જારી કરેલા એક નિવેદનમાં કહ્યુ હતું કે અમેરિકા પાકિસ્તાનને અપીલ કરે છે કે તે પોતાની જમીન પરથી આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવતાં એવા તમામ આતંકવાદી સંગઠનોને સમર્થન આપવાનું અને આશ્રય આપવાનું બંધ કરે. જેમનું એકમાત્ર લક્ષ્ય અવ્યવસ્થા,હિંસા,અને આતંક ફેલાવવાનું છે. તેમણે કહ્યુ હતું કે આ હુમલો આતંકવાદની વિરુધ્ધની લડાઇમાં અમેરિકા અને ભારતના સહયોગને આગળ વધારવામાં અમારા સંકલ્પને વધુ મજબુત બનાવે છે.


**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિંત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:
એ.એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ભાજપ-શિવસેનાના યુતિમાં સંધિ થઇ ગઇ અને ખાંડા ખખડાવતાં બેઉ બળીયા ભેગા મળી ગયા,સાથે મળીને મહારાષ્ટ્રની લોકસભાની ચુંટણી લડશે



છેલ્લા ઘણા વર્ષોથી લડાઇની જેમ હાકલા પડકારા કરતાં,એકબીજાની સામે ધુરકીયા કરતાં શિવસેના-ભાજપે અંતે ફરીથી સત્તાનો સ્વાદ બરકરાર રાખવા માટે યુતીની સમજણ પર સંધિ કરી દીધી છે.મહારાષ્ટ્રની લોકસભાની ચુંટણીમાં તેઓ સાથે મળીને ચુંટણી લડશે.મહારાષ્ટ્રમાં એકલા હાથે ચુંટણી લડવાની ફીશીયારી ઠોકતાં બેઉ પક્ષોને જ્ઞાન લાધ્યું છે કે યુતિ વગર મહારાષ્ટ્રમાં એકલ પંડે ચુંટણી જીતવી મુશ્કેલ છે.મુંબઇમાં અમિત શાહ અને ઉધ્ધવ ઠાકરેએ બેન્ને પાર્ટીના નેતાઓ એ મળીને ચુંટણી સાથે લડવી તેવું નક્કી કર્યુ હતું.રાજ્યના મુખ્યમંત્રી ફડનવીશની હાજરીમાં આ સમજુતી કરવામાં આવી હતી.સમજુતિ પ્રમાણે લોકસભાની ૪૫ સીટોમાંથી ૨૫ પર બીજેપી અને ૨૩ પર શિવસેના ચુંટણી લડશે.૨૦૧૪માં બંને પાર્ટીએ ચુંટણીમાં સાથે મળીને ૪૨ સીટો પર વિજય મેળવ્યો હતો.ભાજપને ૨૩ અને શિવસેનાને ૧૮ સીટો પર જીત મળી હતી.અમિત શાહ માતોશ્રી ગયા હતા અને ત્યાં બેઉ નેતાઓએ ચર્ચા સમજુતી કર્યા બાદ પ્રેસ કોન્ફરન્સ કરી હતી.તેમણે એમ સ્વીકાર્યુ હતું કે તેમની વચ્ચે કેટલાક મતભેદો છે પણ તેની સમજુતી કરાશે.

અમિત શાહે કહ્યુ હતું કે કરોડો કાર્યકરોના મનની વાત હવે પુરી થઇ છે.તમામ લોકો ઇચ્છતા હતા કે બંને પાર્ટી સાથે મળીને ચુંટણી લડે.ઠાકરે સાથે વિસ્તૃત ચર્ચા ૫ છી આ નિર્ણય લેવામાં આવ્યો છે.શિવસેના અને અકાલીદળે કોઇપણ સંજોગોમાં ટેકો આપવાનું કહ્યુ છે.આજે અમારી વચ્ચેનો ખટરાગ સમાપ્ત થઇ ગયો છે.ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ હતું કે જો અને એકબીજાની સાથે લડતા રહીએ તો છેલ્લા ૫૦ વર્ષથી જેમની સામે લડી રહ્યા છીએ તેમને ફરી પાછી સત્તા સોંપી દઇએ.

સત્તા મેળવવા માટે બેઉ ઘણા વર્ષોથી એકબીજા સાથે શિંગડા ભરાવતાં હતા છતાં ભેગા થઇ ગયા આ છે આજની રાજકીય રમતનો એકભાગ.અલગ અલગ ચુંટણી લડીને સત્તા મેળવવી અઘરી છે તેથી ભેગા મળીને સારો દેખાવ કરી શકાય તે માટે અનેક વિવાદોની વચ્ચે સમાધાન કરી એકજુટ થવાનો માહોલ ઉભો કરવામાં આવ્યો છે.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# ભારતે પાકિસ્તાનનો 'મોસ્ટ ફેવર્ડ નેશન' નો દરજ્જો પરત લીધો

પુલવામાં થયેલા આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન તરફી પોતાનું વલણ સખ્ત બનાવતાં અને વિશ્વમાં તેને અટલુ પાડવા માટે કેટલીક કવાયત હાથ ધરી છે તેના પ્રથમ પગલાં સ્વરુપે ભારતે 'મોસ્ટ ફેવર નેસન'નો દરજ્જો પાછો લઇ લીધો છે.વડાપ્રધાને મોદીએ કેબિનેટ કમિટી ઓન સિક્યોરીટીની બેઠકમાં પાકિસ્તાનને આ આપેલો દરજ્જો પાછો ખેચી લેવાનો ઠરાવ કર્યો હતો.૨૨વર્ષ પછી આ દરજ્જો ખતમ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.આ જાણકારી નાણાંમંત્રી અરુણ જેટલીએ મીડીયાને આપી હતી.

મોસ્ટ ફેવર્ડ નેશન એક આર્થિક દરજ્જો છે જેને બે દેશો વચ્ચે થનાર મુક્ત વ્યાપાર કરાર અંતર્ગત અપાતી જોગવાઇ છે. કોઇ દેશ અન્ય દેશને આ દરજ્જો આપે છે એ દેશે એ તમામ વ્યાપારની શરતો એક જેવી રાખવી પડે.

આ દરજ્જો પાછો ખેચી લેવાથી પાકિસ્તાનને આર્થિક નુકશાન સહન કરવું પડશે.પાકિસ્તાનથી આયાત થતી વસ્તુઓ પર ભારત પોતાની મરજી અનુસાર કસ્ટમ ડ્યુટી વધારી શકશે. પાકિસ્તાનથી ભારતમાં ફળ,સીમેન્ટ,ચામડું,કેમીકલ અને મસાલા આયાત કરવામાં આવે છે.

આ ઉપરાંત મોદી સરકારે પુલવામાં હુમલા મામલે ચર્ચા માટે તમામ પક્ષોની એક બેઠક સંસદમાં બોલવી છે.જેમાં ભારતના ભાવી પગલાં અંગે એકસરખો અભિપ્રાય મેળવાશે અનેઆગામી દિવસોમાં કેવાં પગલાં ભરવા જોઇએ તે અંગે સર્વ સંમતિ સધાશે.આ વખતે સરકાર એક સ્પષ્ટ,નિર્ણયાત્મક પગલું લેવા માંગતી હોય તેમ લાગે છે.

## જાણવા જેવું !

વ્હાઇટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઇટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.

મધમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઇંડા મુકે છે.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઇ હતી.

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.

## ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો દ્વારા ઇસ્યુ થતાં સર્ટી માટે હવે યુનિક નંબર અપાશે

ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટ્સ ઓફ ઈન્ડીયા દ્વારા પ્રેક્ટિસ કરતાં સી.એ. માટે યુનિક ડોક્યુમેન્ટ આઈડેન્ટીફિકેશન નંબર ૧લી ફેબ્રુઆરીથી લોન્ચ કરવામાં આવ્યો છે.બેન્ક સહિતની નાણાંકીય સંસ્થાઓમાં કોઈપણ વ્યક્તિને સીએ દ્વારા ઈસ્યુ થતાં કોઈપણ સર્ટી. આપવાનું થાય ત્યારે સી.એ. ૧૮ આંકડાનો યુનિક નંબર જનરેટ કરીને સર્ટી.આપશે. તેના કારણે બોગસ સર્ટી. ઈસ્યુ નહી થાય.તેમજ રકમ બદલાઈ જવાના કે સહી બદલાઈ જવાના કિસ્સામાં ઘટાડો થશે. ૧લી ફેબ્રુઆરીથી આજ સુધીમાં દેશભરમાં બે લાખ સર્ટી. ઈસ્યુ થયા છે.

આઈસીએ આઈના પ્રેસિડેન્ટ સીએ પ્રફુલ્લ છાજેડે પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરતાં કહ્યુ હતું કે ઘણી વખત ફ્રોડના કિસ્સા, બોગસ સીએના કિસ્સા બહાર આવે છે.વાસ્તવમાં તે સીએ પણ હોતો નથી. બેન્ક સહિતની નાણાંકીય સંસ્થાઓમાં સીએના સર્ટી.માં ગણી વખત રકમ બદલાઈ જતી હોય છે. ઘણી વખત સહી બદલાઈ જતી હોય છે. આવા બનાવ અટકાવવા અમે એક પોર્ટલ બનાવ્યું છે. જેમાં માત્ર અમારી પાસે નોધાયેલા સી.એ. જ લોગઈન થઈ શકશે.સીએ લોગઈન થાય ત્યારબાદ આ સર્ટી. માટે ૧૮ આંકડાનો નંબર જનરેટ થશે. સર્ટી.માં સીએની સહી સાથેનો નંબર બદલી શકાશે નહીં. જ્યારે વ્યક્તિ બેન્કમાં આ સર્ટી રજુ કરશે ત્યારે બેન્ક આઈસીએઆઈના પોર્ટલ પર લોગઈન થઈને ચોકસાઈ અને ખાતરી કરી શકશે કે જેણે આ સર્ટી આપ્યું છે તે સીએ છે કે નહીં. તેણે જે રકમ લખી અને વ્યક્તિએ જ સર્ટી રજુ કર્યું તે બંનેમાં કોઈ ફર્ક તો નથીને. દરેક સર્ટી માટે સીએ નવો નંબર નાખવાનો રહેશે.ગમે તેટલા સર્ટી ઈસ્યું કરી શકશે. ફક્ત નાણાંકીય સંસ્થાઓ જ આ નંબર નાંખી શકશે. બેન્કો,એનબીએફસી,સરકારી એજન્સીઓ, અને આરબીઆઈને પોર્ટલ લોગંઈન થવાના ૫ ઞસવર્ડ અપાયા છે. આઈસીએઆઈના પોર્ટલ પર લોગંઈન થયા બાદ જે સર્ટી બનશે તે સંપુર્ણપણે એન્ક્રીપ્ટેડ રહેશે. ગુજરાતમાં ૨૦૦૦૦ સીએ છે. તેમાંથી ૧૦૦૦૦ પ્રેક્ટિસ કરતાં સીએ છે.

**જાણવા જેવું !**

ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઈટરનો ઉપયોગ કર્યો હતો.

નાઈલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઈ ધરાવે છે.

જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી

## સુપ્રીમ કોર્ટ ૧૦% ક્વોટાનો મામલ બંધારણીય બેન્ચને નહીં સોંપે

સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે તે આર્થિક રીતે નબળા સવર્ણો માટે ૧૦ ટકા અનામત ક્વોટાનો મામલો એક બંધારણીય બેન્ચને આ તબક્કે રીફર કરવા માટેનો આદેશ જારી કરવાની તરફેણમાં નથી. ચીફ જસ્ટીસ ગોગોઈના વડપણ હેઠળની બેન્ચે કહ્યુ હતું કે આ અરજી પર ૨૮ માર્ચે સુનાવણી કરશે અને આ મામલો બંધારણીય બેન્ચને સોંપવાની જરુર છે કે કેમ તે અંગેની બાબત હાથ ધરશે.બેન્ચે પીટીશનર વતી હાજર એડવોકેટ રાજીવ ધવનને કહ્યુ હતું કે તેમણે અરજીમાં જે મુદ્દાઓ ઉઠાવ્યા છે તે મુદ્દાઓની એક શોર્ટ નોટ ફાઈલ કરે. સામાન્ય કેટેગરીમાં ગરીબ ઉમેદવારોને નોકરી એ પ્રવેશમાં ૧૦ ટકા ક્વોટા મંજુર કરવાના કેન્દ્રના નિર્ણય પર સ્ટે મુકવાનો ઈન્કાર કર્યો હતો. જો કે કોર્ટે કાયદાની કાયદેસરતા ચકાસવા સંમતિ દર્શાવી હતી. તેણે બિઝનેસમેન અને કોંગ્રેસના સમર્થક તહેસીન પુનાવાલાએ ફાઈલ કરેલી અરજી પર કેન્દ્રને નોટીસ આપી છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

**એક્સ.સીની.કન્સલ્ટન્ટ,**
**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**
**એક્સ.સીની.કન્સલ્ટન્ટ**
**મોરારજી દેસાઇ આરોગ્યધામ,**
**હેલ્થ-વેલ્થ પ્લાનર**
**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**
**મો.૯૩૭૬૧ ૦૦૮૯૮**
E.mail : drhamparikh@yahoo.co.in


## ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી : મેકસિકો સરહદે દિવાલ બનશે



અમેરીકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી દીધી છે.આમ કરતાં તેમને અમેરિકી કોંગ્રેસને બાયપાસ કરીને દક્ષિણ સરહદે દિવાલ ચણવા માટે વધુ ભંડોળનો ઉપયોગ કરવાની છુટછાટ મળશે.

રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કર્યા બાદ ટ્રમ્પે હવે મેકસિકો તરફથી આવનારા ગેરકાયદે શરણાર્થીઓ અને માદક પદાર્થની દાણચોરી રોકવા માટે જરુરી ૫.૬ અબજ ડોલરની રકમ મેળવી શકશે.

અગાઉ ટોચના રિપબ્લીકન સેનેટર મિચ મેક્કોનેલે જણાવ્યુ કે તેમની રાષ્ટ્રપ્રમુખ સાથે ફોન પર વાતચીત થઈ હતી. તેમણે બિલ પર હસ્તાક્ષરના સંકેત આપ્યા હતા સાથે જ તેઓ રાષ્ટ્રીય આપાતકાલીન જાહેર પણ કરી શકે છે. પાછળથી વ્હાઈટ હાઉસે પણ આ વાતનું સમર્થન કર્યું હતું. વ્હાઈટની પ્રેસ સેક્રેટરી સારા સેન્ડર્સે કહ્યુ હતું કે ટ્રમ્પ કેટલાક અન્ય કાર્યકારી નિર્ણય પણ લઈ શકે છે.જેમાં રાષ્ટ્રીય આપાત કાલીનની જાહેરાત સામેલ છે. અમારો હેતું સુરક્ષા જાળવવા અને સરહદ પર માનવીય સંકટને રોકવાનું છે.

આપાતકાલીનની જાહેરાત એક અસાધારણ નિર્ણય છે. તેનાથી અમેરિકી રાષ્ટ્ર પ્રમુખને કેટલીક વિશેષ સત્તા મળે છે. તેના દ્વારા ટ્રમ્પ સૈન્ય અને કટોકટી સહિતના ફંડ મેકસિકો સરહદે પર દિવાલ બનાવવા માટે ઉપયોગમાં લઈ શકે છે.વિપક્ષી ડેમોક્રેટ નેતા અને ટ્રમ્પની નીતિઓના વિરોધી મનાતા નેન્સી પેલોસીએ કહ્યુ કે આ પ્રકારના નિર્ણય સીધી રીતે રાષ્ટ્ર પ્રમુખને મળતી શક્તિનો દુરપયોગ છે.સરહદે અત્યારે કોઈ કટોકટીની સ્થિતિ નથી. પેલોસી આ પહેલા પણ આ પ્રકારના નિર્ણયની વિરુધ્ધ ટ્રમ્પને કાયદાકીય પડકારવાની વાત કહી છે.જો કે હાલની સ્થિતિમાં ટ્રમ્પ પોતાના નિર્ણયમાં અડગ છે.

## ખેડુતોની આત્મહત્યામાં છેલ્લા ૩ વર્ષમાં ૯૧%નો વધારો થયો છે

મોદી સરકારના ચાર વર્ષના કાર્યકાળમાં મહારાષ્ટ્રમાં ખેડુતોની આત્મહત્યાના પ્રમાણમાં મોટો વધારો નોધાયો હોવાની માહીતી સામે આવી છે. નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનના ૨૪મી એપ્રિલ,૨૦૧૫ના એક પત્ર અનુસાર ૨૦૧૧થી ૨૦૧૪ દરમિયાન ૬૨૬૮ ખેડુતોએ આત્મહત્યા કરી હતી. એ વખતે રાજ્યમાં કોંગ્રેસ-એનસીપીની સરકાર હતી. પણ જાન્યુઆરી ૨૦૧૫ થી ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં રાજ્યમાં આત્મહત્યા કરનારા ખેડુતોની સંખ્યા ૧૧૯૯૫ સુધી પહોચી ગઈ હતી.વિશેષમાં પીડીત પરિવારો પૈકી ૪૩ ટકા ખેડુતોના પરિવારોને સરકાર તરફથી કોઈ પણ સહાય અથવા વળતર મળ્યું નથી.રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ખેડુતોની આત્મહત્યાનું પ્રમાણ ૯૧ ટકા વધ્યું હોવાનું સ્પષ્ટ થયું છે. મુંબઈમાં એક આરટીઆઈ કાર્યકર્તાએ માહીતી અધિકારનો ઉપયોગ કરીને મહારાષ્ટ્રમાં ખેડુતોની આત્મહત્યા બાબત માહીતી માંગી હતી.

તેમણે મુખ્યત્વે મરાઠાવાડ અને વિદર્ભના ખેડુતોની આત્મહત્યાના સંદર્ભમાં માહિતી માંગી હતી.દેવા અને પાકની નિષ્ફળથાંથી કંટાળીને આત્મહત્યા કરનારા ખેડુતો પૈકી મોટા ભાગના ખેડુત પરિવારોને સરકાર તરફથી કોઈ મદદ મળી નથી.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**







**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

**ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૭૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.